જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૯/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૭૬૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૭૭ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૪૬ બીયરટીન કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૭૬૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૫ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની કોશીશની ફરીયાદઃ-    સમાચાર યાદી નં.૧૭૬૨/૧૬

શાહપુર : સલમાબાનુ W/O સરફારાજભાઇ નાગોરી (ઉ.વ.૪૫)(રહે, ટેકરા ઉપર, નાગોરીવાડ, શાહપુર) એ વા.સા.હોસ્પીટલ ખાતે શાહપુર પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે હમજાવાડાનાં નાકા આગળ આરોપી ઝાકીરમહમંદ નાગોરી તથા બીજા પાંચ ઇસમો (તમામ રહે.નાગોરીવાડ, શાહપુર) ભેગામળી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, સલમાબાનુનાં દિકરા સાહીલ ઉર્ફે શાનુ (ઉ.વ.૨૦) ઉપર તલવારો અને પાઇપો વડે હુમલો કરી, પગના નળાના ભાગે અને બંને હાથના ભાગે તથા માથાના પાછળના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી, સાહીલને જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.બી.પરમાર ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ-    સમાચાર યાદી નં.૧૭૬૩/૧૬

વટવા : નવીનચંદ્ર જ્યંતિલાલ પંચાલ (ઉ.વ.૫૮)(રહે, કિસકિંધા વિભાગ, અયોધ્યા એપાર્ટમેંટ, ગામડી રોડ, વટવા) એ તા.૨૫/૯/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી પ્રિતલબહેન (ઉ.વ.૨૬) ઉપર તેનાં પતિ જીગરભાઈ નટવરભાઈ પંચાલ (રહે, ગામ: નવી અરડી,તા.ઉમરેઠ જી. આણંદ) એ ખોટા શક વહેમ રાખી, શારીરીક અને માનશીક ત્રાસ આપતાં તા.૧૧/૯/૧૬ બપોરના ૨/૩૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાનાં પિતાનાં ઘરે પ્રિતલબહેને પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>અપહરણની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૬૪/૧૬</u>

ઓઢવ : હિમાની ભરતકુમાર શર્મા (ઉ.વ.૧૬)(રહે.અરિહંતબાગ સોસાયટી, આદિનાથનગર, ઓઢવ) ને તા.૧૯/૯/૧૬ ના ક.૧૨/૩૦ વાગ્યાના સુમારે શેઠ આર.ટી. ન્યુ એજયુકેશન હાયર સેકન્ડરી સ્કુલના ગેટ પાસેથી ઘર નજીક રહેતો આરોપી ક્રિષ્ણાભાઇ ઉર્ફે કિશન મિથીલેશભાઇ મહારાજ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ હિમાનીબહેનનાં પિતા ભરતકુમાર શર્માએ તા.૨૫/૯/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૬૫/૧૬</u>

વાડજ : રંજનબહેન વિક્રમસિંહ ગોહેલ (રહે,કલ્પતરૂ એપાર્ટમેન્ટ, ગીતા સ્કૂલની બાજુમાં, રાણીપ) તા.૨૫/૯/૧૬ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડની આગળ, શિવમ એપાર્ટમેન્ટ નજીક રોડ ઉપરથી પોતાના પતિ સાથે એક્ટીવા પર પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષ આશરાનો) રંજનબહેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ વિક્રમસિંહ ગોહેલે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વિ.જી.રાઠોડ ચલાવે છે.

<u>ગડદાપાટુનો માર મારતાં ગભરામણ થતાં મૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૬૬/૧૬</u>

વટવા : સાધનાબહેન વા/ઓ ચંદ્રકાંત બચુભાઈ ચુનારા (ઉ.વ.૫૦)(રહે,ગણેશ નગર, પીપળજ ગુજરાતી શાળા નં.૧ કમ્પાઉન્ડ, પીપળજ રોડ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે વટવા, પીપળજ રોડ, ગુજરાતી શાળા નં.૧ કમ્પાઉન્ડમાંથી ચંદ્રકાંતભાઇ (ઉ.વ.૬૦) નાઓએ છોકરાઓને ભગાડતાં, આરોપી સંજુ ભૈરવભાઈ દંતાણી એ “તારા બાપની સ્કૂલ છે” તેમ કહી, ચંદ્રકાંતભાઇને લાતો અને ફેંટોથી માર મારતાં તેમજ આરોપી સંજુની માતા હીરાબેન તથા તેનો જમાઈ ભરતભાઇએ પણ ચંદ્રકાંતભાઇને ગડદાપાટુનો માર મારતા, મારને કારણે ચંદ્રકાંતભાઇને ગભરામણ થતાં, સારવાર અર્થે તેમને વાડીલાલ હોસ્પીટલમાં લાવતાં ફરજ પરનાં ડૉ.શ્રી એ ચંદ્રકાંતભાઇને મરણ જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

<u>નદીમાં ડુબી જવાથી મૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૬૭/૧૬</u>

રીવરફ્રન્ટ ઇસ્ટ : અશોકભાઇ મનજીભાઇ મકવાણા (ઉ.વ.૨૨)(રહે, ડાયામાળીનો બગીચો, અરવિંદ મીલની પાછળ, અનીલ સ્ટોર્ચ રોડ, સરસપુર) કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૯/૧૬ સવારના ૮/૨૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે રીવરફ્રન્ટ વોક વે ઘાટ નં.૬ દુધેશ્વર બ્રીજ નીચે નદીમાં ડુબી જઇ મરણ ગયેલની લાશ ફાયર બ્રીગ્રેડનાં કર્મચારીઓએ નદીમાંથી બહાર કાઢેલ છે. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ અરખાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)